# રાજેન્દ્રનગરનાં સહયોગ કૃષ્ઠ ટ્રસ્ટમાં રહેતા ૩૯ વિદ્યાર્થી કોરોના પોઝિટિવ

**ધોરણ - ૬ થી ૧૨ના ૩૯ વિદ્યાર્થીઓનો કોરોના રિપોર્ટથી ખળભળાટ : તાત્કાલિક અસરથી તમામ શિક્ષણ કાર્ય બંધ કરવામાં આવ્યુ, વિદ્યાર્થીઓના સંપર્કમાં આવનારો લોકોની પણ થશે તપાસ : વીરાવાળા આરોગ્યની ટીમ દોડી, વિસ્તારને કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કર્યો**

બાયડ, રાજેન્દ્રનગર (બ્યુરો ઓફિસ) તા.૨૧ કોરોના વાયરસે હિંમતનગર - મોડાસા સહિત સાબરકાંઠા- અરવલ્લી જીલ્લામાં પાછો ઉથલો માર્યો છે. શાળાઓ ખુલતા જ આ વખતે કોરોના શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને નિશાન બનાવી રહ્યો હોય તેમ લાગે છે.

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર - શામળાજી નેશનલ હાઈવે નંબર ૮ ઉપર રાજેન્દ્ર ચોકડી નજીક આવેલ સહયોગ કુષ્ઠ ટ્રસ્ટ માં આજે કોરોના એ હાહાકાર મચાવતા ધોરણ ૬ થી ધોરણ ૧૨ ના મળી એક સાથે કુલ ૩૯ વિદ્યાર્થીઓ કોરોનાની ઝપેટમાં આવ્યા છે.




કોરોનાના પગલે વાલીઓમાં તથા શિક્ષણ વિભાગમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે.

સહયોગ કુષ્ઠ ટ્રસ્ટમાં કોરોના એ હાહાકાર મચાવતા તાત્કાલિક અસરથી તમામ શિક્ષણ કાર્ય બંધ કરવામાં આવ્યુ હોવાના અહેવાલ પ્રાપ્ત થઈ રહ્યા છે તેમજવિદ્યાર્થીઓના સંપર્કમાં આવનારો લોકોની પણ વહીવટી તંત્રના આરોગ્ય વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવશે

કોરોનામાં વિદ્યાર્થીઓને થતી અસરોથી વાલીઓમાં અને શિક્ષણ આલમમાં ચિંતા વધી હતી. કોરોના ના ઘટે ત્યાં સુધી શાળાઓ બંધ રાખવા અને ઓનલાઈન જ અભ્યાસ યથાવત રાખવા સરકારી તંત્ર દ્વારા ભલામણ કરી હતી.

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર - શામળાજી નેશનલ હાઈવે નંબર આઠ ઉપર રાજેન્દ્ર નગર ચોકડી નજીક આવેલા સહયોગ કુષ્ઠ ટ્રસ્ટ માં અભ્યાસ કરતા ૪૦ વિદ્યાર્થીઓ ને કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે જેમાં ધોરણ ૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓનો ટેસ્ટ કરાતા ૩૯ વિદ્યાર્થીઓને કોરોના પોઝીટીવ રિપોર્ટ આવ્યો છે જ્યારે એક રક્તપિત મહિલાને કોરોના પોઝીટીવ રિપોર્ટ આવ્યો છે જે અંતર્ગત ૨૦ વિદ્યાર્થીની અને ૧૯ વિદ્યાર્થીઓને કોરોના પોઝીટીવ રીપોર્ટ આવ્યા છે.જોકે તંત્ર દ્વારા આ મામલે તાત્કાલિક ધોરણે પ્રાથમિક શિક્ષણ વિભાગ ધ્વારા સ્કુલ બંધ રાખવા આદેશ કરાયો છે. ઉલ્લેખનીય છે કે, હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લામાં કોરોના ને ફરી એકવાર માથું ઉંચક્યું છે અને દિનપ્રતિદિન કોરોના સંક્રમણને લઈને કોરોના કિસ્સો વધતા જોવા મળી રહ્યા છે ત્યારે સોશિયલ ડિસ્ટન્સ,માસ્ક અને સેનેટાઈઝર સહિત કોવિડ ૧૯ અંતર્ગત સરકારની ગાઈડ લાઈન્સનના સરેઆમ ધજાગરા થતા હોવા છતાં હિંમતનગર સાબરકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હજુ પણ કોઈ ઠોસ અસરકારક પગલા લેવાઈ રહ્યા નથી ત્યારે આગામી સમયમાં જિલ્લાની શાળાઓમાં પણ કોરોના પોઝિટિવ વધી શકે તેવી પૂર્ણ સંભાવનાઓ છે જોકે હાલના તબક્કે એક સાથે આટલી મોટી સંખ્યામાં કોરોના હડકંપ સર્જાયો છે.



### સમગ્ર મામલે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી સાબરકાંઠા શું કહે છે ?

હિંમતનગર - શામળાજી નેશનલ હાઈવે નંબર આઠ ઉપર રાજેન્દ્ર ચોકડી નજીક આવેલ સહયોગ કુષ્ઠ ટ્રસ્ટ માં આજે કોરોના એ હાહાકાર મચાવતા ધોરણ ૬ થી ધોરણ ૧૨ ના મળી એક સાથે કુલ ૩૯ વિદ્યાર્થીઓ કોરોનાની ઝપેટમાં આવ્યા હોવા અંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ચૌધરી સાથે ટેલિફોનિક વાતચીત દરમિયાન તેમણે જણાવ્યું હતું કે શાળાની હોસ્ટેલમાં રહેતા ૨૦૦ વિદ્યાર્થીઓ પૈકી ધોરણ-૬ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓમાં કુલ ૩૯ વિદ્યાર્થીઓને કોરોના એ પોતાની ઝપેટમાં લીધા છે શાળાના ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓના રેપીડ ટેસ્ટ અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મેઢાસણ સી.એસ.સી સેન્ટર ખાતે કરવામાં આવ્યો હતો જેમાં એકસાથે ૩૯ થી વધુ વિદ્યાર્થીઓને કોરોના પોઝિટિવ રિપોર્ટ મળી આવ્યા હતા જેને પગલે હવે તંત્ર વધુ સતર્કતા દાખવશે અને કોવિડ ૧૯ અંતર્ગત સરકારી તંત્ર દ્વારા વારંવાર જણાવતી guidelines અમલવારી અંગે કડક નિયમ સાથે અમલીકરણ કરવામાં આવશે.

---

**ઝુમતા અરવલ્લીનો દર્દનાક કિસ્સો**

## બાયડના ગ્રામ્ય વિસ્તારની વિધવા દારૂડીયા પુત્રથી દુઃખી, પુત્રને મારી નાખો

અરવલ્લી જિલ્લામાં મોટાપાયે દેશી-વિદેશી દારૂની રેલમછેલથી જિલ્લો ખદબદી રહ્યો છે. વિધવાઓનું પ્રમાણ વધ્યું છે. બાયડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ઝૂમતા અરવલ્લીનો દર્દનાક કિસ્સો સામે આવ્યો. પરમાર પરિવારની વિધવાએ દારૂની લતે ચઢી ગયેલા પુત્રથી એટલી હદે દુઃખી છે કે પુત્રને મારી નાખવાની માંગ કરી છે. દારૂનો વેપલો કરનારા બુટલેગરોના ત્યાં જઈને પણ દારૂ નહીં આપવા આજીજી કરી હોવા છતાં બુટલેગરો વિધવાના એકના એક પુત્રને દારૂની લતમાંથી ઉગારવાની સંવેદના જતાવી શક્યા નથી. વિધવાના શિર ઉપર સમગ્ર પરિવારની જવાબદારી છે ત્યારે દારૂની લતે ચઢેલા પુત્રએ ઘરેણાં, વાસણ, કપડાં સહિતની અનેક મત્તા વેચી મારી છે. પોલીસ ખાખી વર્દીનો રૂઆબ નહીં દાખવે તો પરિવાર બરબાદ થઈ શકે છે.

સમી સાંજે બાયડમાં આવેલાં મહિલાએ એક ગ્લાસ પાણી ગટગટાવી જઈ પોતાની આપવિતી જણાવી. મારો પુત્ર બાયડમાં નોકરી કરતો હતો. ખુરશી ઉપર બેસી કોમ્પ્યુટર ચલાવતો હતો પરંતુ તેને ક્યાંયથીય દારૂની લત ચઢી અને નોકરીમાંથી છૂટે એટલે દરરોજ દારૂ પી ને ગાળા ગાળી કરે છે. એકનો એક પુત્ર હોવા છતાં દારૂડીયો થઈ જતાં મેં મારા ભાઈઓએ પણ તેને ફટકાર્યો પરંતુ દારૂની લત છૂટતી નથી. આંબલિયારા પોલીસને જાણ કરીએ તો પોલીસ ગામમાં આવે છે અને દારૂ પીધેલાને ક્યાં લઈ જઈએ..?? તેમ કહી રવાના થઈ જાય છે. અત્યારે તો વિધવા અને દારૂડીયા પતિની પત્નિ વગેરે ત્રાસી ગયા છીએ. વિધવાએ જણાવ્યું કે મારા ગામની નજીકમાં આવેલા ગામમાં મહિલા બુટલેગર દારૂનો વેપલો કરે છે ત્યાંથી મારો પુત્ર દેશી દારૂ ઢીંચીને આવે છે અને પછી તોફાને ચઢે છે. દારૂ પીવા માટે પૈસા ન હોય તો ઘરમાંથી અનાજ, કરીયાણું, વાસણ, દાગીના ગમે ત્યાં વેચીને દારૂ પીવા પૂરતા પૈસાનો પ્રબંધ કરી લે છે. મારા પેટે દિકરો જન્મ્યો તેના કરતાં પથરો જન્મ્યો હોત તો સારૂ હતું. આપને આજીજી કરૂ છું કે મારા પુત્રને મારી નાખો અને અમારા પરિવારને બચાવો.

---

## સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ખેત સીમાડામાં ભમરાનો આતંક શરૂ

**ગરમીનો પારો ઉંચકાતાં ભમરા કોપાયમાન : મોડાસાના ગ્રામ્ય વિસ્તારમાં ભમરા કરડતાં ખેડૂતનું મોત**

બાયડ તા.૨૧

ગરમીનો પારો ઉંચકાતાં ભમરાનો આતંક શરૂ થયો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના માર્ગ તેમજ ખેત સીમાડાઓમાં ભમરાઓના ઝુંડનાં ઝુંડ ગરમી પ્રકોપથી ઉડવા લાગતાં રાહદારીઓ તેમજ ખેડૂતોના માથે જોખમ ઉભું થયું છે. તાજેતરમાં મોડાસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારના ખેડૂત ઉપર ભમરાનું ઝુંડ તૂટી પડતાં સ્થળ ઉપર જ મોતના બનાવે ફફડાટ ફેલાવ્યો છે. ખેતરો તેમજ માર્ગોના વૃક્ષો ઉપર ભમરાના ઝૂંડ આતંકીઓની જેમ ઝઠુંબી રહ્યા છે. જેથી દર વર્ષે ઉનાળા દરમ્યાન ભમરાઓનો ખોફ સામે આવતો હોય છે.

જિલ્લામાં ઝેરી મધમાખી, ઝેરી સર્પની સાથે હવે ભમરાઓના ઝૂંડે ખતરો ઉભો કર્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં ગરમી પ્રકોપ શરૂ થતાંની સાથે ઉંચા વૃક્ષોની ડાળખીઓ ઉપર મધમાખીના પૂળાને કોઈ પક્ષી છંછેડે કે તરત હજારોની સંખ્યામાં ભમરાઓ ક્રોધિત થઈ ઉડવા લાગ્યા છે. જેમાં જે સામે આવ્યું તેને ડંખ મારી આતંક મચાવતા ભમરાઓથી મુક્તિ મેળવવાના આજદિન સુધી કોઈ પ્રયાસ થયા નથી. જિલ્લામાં હવે ગરમી પ્રકોપ શરૂ થતાંની સાથે બાયડ, પ્રાંતિજ, તલોદ, મોડાસા, વિજયનગર, ઈડર, વડાલી સહિતના વિસ્તારોમાં ભમરાનો આતંક સામે આવી રહ્યો છે. ઓચિંતા ઉડતા ભમરાઓના કારણે ખેતસીમાડામાં તો ઠીક પરંતુ માર્ગો ઉપર પણ નાસભાગના દ્રશ્યો સર્જાતા હોય છે. તાજેતરમાં મોડાસા તાલુકાના મડાસણા વિસ્તારમાં ખેતરમાં કામ કરતા ખેડૂત મુકેશ મકવાણા ઉપર ભમરાનું ઝુંડ તૂટી પડતાં મોતનો બનાવ સામે આવ્યો છે. ગરમીની સીઝનમાં હવે ખેડૂતો તેમજ રાહદારીઓ માટે ભમરાનું જોખમ વધી ગયું છે. ખાસ કરીને બાયડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારના ખેડૂતો ઉપર સૌથી વધુ ભમરાઓનું જોખમ મંડરાઈ રહ્યું છે જેથી ખેડૂતો ભયના ઓથાર હેઠળ આવી ગયા છે. વૃક્ષો ઉપરાંત હાઈવે માર્ગ ઉપરના મોટા પુલ સહિતના સ્થળોએ ભમરાના ઝૂંડમાં વધારો થતાં ગરમીના પ્રકોપ સમયે આતંક વધી શકે તેમ છે.



---

## જિલ્લામાં આકાશી જમીન માપણીના ગોટાળા દૂર ન થતાં ખેડૂતોમાં આક્રોશ

**આવેદનપત્રો આપવા છતાં ક્ષતિઓ જૈસે થે..!!**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સેટેલાઈટ દ્વારા જમીન માપણી અને રિ-સર્વેની કામગીરીમાં થયેલ ગરબડ ગોટાળા દૂર ન થતાં ખેડૂતોમાં આક્રોશ પ્રવર્તિ રહ્યો છે. આકાશી માપણીમાં થયેલ ભૂલો સુધારવા માટે બંન્ને જિલ્લાના ખેડૂતોએ આવેદનપત્રો આપ્યાં હોવા છતાં રિ-સર્વે અને પ્રમોલગેશન પછી પણ ક્ષતિઓ જૈસે થે રહી છે. જિલ્લામાં સેટેલાઈટ માપણીમાં ખેડૂતોમાં હજુય અસંતોષ છે અને ડી.એ.એલ.આર.ના અધિકારીઓ આધુનિક માપણીની ટ્રેનિંગ લીધા પછી પણ ગોથાં ખાતા હોય તેવી સ્થિતિ દેખાઈ રહી છે.

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોની જમીન સેટેલાઈટ સર્વે કરી ડીઝીટલ કરવામાં આવી હતી પરંતુ સર્વે દરમ્યાન દસ્તાવેજોમાં અનેક ભૂલ સર્જાઈ હતી. દસ્તાવેજોમાં થયેલ ગોટાળા દૂર કરવા માટે જિલ્લામાં ખેડૂતો દ્વારા રિ-સર્વે કરી થયેલ ખામીઓ દૂર કરવા માટે લેખિત માંગણીઓ કરવામાં આવી હોવા છતાં હજુ સુધી તેનો કોઈ યોગ્ય ઉકેલ આવ્યો નથી.

પ્રમોલગેશનની કામગીરીથી અનેક ખેડૂતો જમીનની વધ-ઘટથી પરેશાન બની ગયા છે. તે જ સ્થિતિ અરવલ્લી જિલ્લામાં પણ જોવા મળી હોવા છતાં વિભાગ દ્વારા ત્વરીત ભૂલો સુધારવામાં આવતી નથી. જમીનના અગત્યના દસ્તાવેજોમાં ક્ષતિઓના કારણે ખેડૂતોને સરકારી લાભોથી વંચિત રહેવું પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે જેથી બંન્ને જિલ્લામાં અગાઉ ખેડૂતો દ્વારા આકાશી માપણીમાં થયેલ જમીનના ગોટાળા દૂર કરવા માટે આવેદનપત્રો આપવામાં આવ્યાં છે પરંતુ તંત્ર દ્વારા ગોકળગાયની ગતિએ કામગીરી ચાલી રહી છે જેના કારણે ખેડૂતોમાં આકાશી જમીન માપણીનો આક્રોશ હજુય યથાવત રહ્યો છે.

---



## ધનસુરામાં પક્ષીઓને પાણી પીવા માટે વોટર બાઉલનું વિતરણ કરાયુ

ધનસુરા માં પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઉનાળા માં અબોલા પક્ષીઓને પાણી પીવી શકે તે માટે ધનસુરા ના આસપાસ માં ૩૦૦ થી વધુ જગ્યા એ વોટર બાઉલ લગાવી ને ઉત્તમ કાર્ય કર્યું છે જેની ધનસુરા નગરજનો એ બિરદાવ્યું હતુ આ કાર્ય ને સફળ બનાવવા માટે પ્રયાસ ટ્રસ્ટ ના પ્રમુખ આનંદ પટેલ ની દેખરેખ માં તેમની ટીમ રાજેશ વાઘેલા,જય જોશી, માનસી પટેલ, અંકિતા પ્રજાપતિ, જીગ્નેશ પ્રજાપતિ, જીતુ ચોપડા, ગીત વાઘેલા,સુનિતા ચોપડા ખૂબ મહેનત કરી હતી ઉલ્લેખનીય છે કે પ્રયાસ ટ્રસ્ટ ભૂતકાળ માં પણ કોરોના યોદ્ધા નું સન્માન, કોરોના માં રાસન કીટ નું વિતરણ પાણી ની પરબ ગરીબ સ્કૂલ માં સ્વેટર નું વિતરણ અને ફુટપાટ પર સુતેલા અને ગરીબ લોકો ને ગરમ બ્લેકેટ નું વિતરણ કરે છે

---

## સાબરકાંઠા, અરવલ્લીમાં ૧૩૨૮ અનાથ બાળકો પાલક માતા-પિતાના સહારે

**અનાથ બાળકોને દર મહિને સરકાર તરફથી ૩૯.૮૪ લાખની સહાય**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં માતા-પિતા મૃત્યુ પામ્યા હોય અથવા તો પિતાના મૃત્યુ પછી માતાએ પુનઃ લગ્ન કરી લેતાં અનાથ થયેલા બંન્ને જિલ્લાના ૧૩૨૮ બાળકો પાલક માતા-પિતાના સહારે જીવી રહ્યાં છે. જિલ્લામાં પાલક માતા-પિતાને ૦ થી ૧૮ વર્ષ સુધીના બાળકના ઉછેર માટે સરકાર દ્વારા માસિક રૂા.૩૦૦૦ સહાય લેખે બંન્ને જિલ્લાના કુલ બાળકો પૈકી ૩૯,૮૪,૦૦૦ સહાય ચૂકવવામાં આવતી હોવાનું જાણવા મળ્યું છે. સમાજ સુરક્ષા કચેરી દ્વારા યોજનાના માપદંડ મુજબ પાલક સહાય યોજનાની અરજીઓ ચકાસી સહાયનો લાભ આપવામાં આવતાં અનાથ થયેલા બાળકોના પાલક માતા-પિતાને આર્થિક રાહત થઈ છે.

રાજ્ય સરકાર દ્વારા ઓછી ઉંમરે માતા-પિતા ગુમાવનારા બાળકોનો યોગ્ય ઉછેર થાય અને આવા બાળકો શિક્ષણથી વંચિત ન રહે તે માટે પાલક માતા-પિતા યોજના અમલમાં મૂકી છે. જિલ્લામાં સમાજ સુરક્ષા વિભાગ દ્વારા આ યોજના હેઠળ ૦ થી ૧૮ વર્ષ સુધીના બાળકોને તેમની માવજત માટે પાલક માતા-પિતાને દર મહિને રૂા.૩૦૦૦ સહાય આપવામાં આવી રહી છે જે સીધી જ બાળકના બેન્ક ખાતામાં જમા થતી હોય છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકામાં કુલ-૧૩૨૮ બાળકોએ માતા-પિતાની છત્રછાયા ગુમાવતાં તેમનો ઉછેર પાલક માતા-પિતાના સહારે થઈ રહ્યો છે જેથી રાજ્ય સરકારના સમાજ સુરક્ષા વિભાગ દ્વારા તમામની સહાય અરજીઓ મંજૂર કરવામાં આવી છે. જો બાળક ૧૮ વર્ષ પહેલાં ભણતર છોડી દે તો સહાય બંધ કરવાની જોગવાઈ રાખવામાં આવી છે. માતા-પિતાના મૃત્યુ થવાથી તેમજ પિતાના મૃત્યુ પછી માતાએ પુનઃ લગ્ન કરતાં અનાથ થયેલા બાળકોને દર મહિને નિયમિત સહાય ચૂકવવામાં આવતી હોવાનું સમાજ સુરક્ષા વિભાગના સૂત્રો જણાવી રહ્યા છે. ટૂંકમાં હાલના કોરોના કાળમાં ધંધા-રોજગારોને મોટો ફટકો પડ્યો છે જે કોઈ વેપાર-ધંધા ચાલી રહ્યા છે તેમાં પણ મંદી હોવાથી અનાથ બાળકોના પાલક માતા-પિતાઓ પણ આર્થિક સંકળામણ અનુભવતા હોય તે સ્વાભાવિક છે પરંતુ સરકાર દ્વારા અનાથ બાળકોના ઉછેર માટે પાલક માતા-પિતાને સહાય ચૂકવવામાં આવતી હોવાથી રાહત થઈ છે.

### બાળક ૧૮ વર્ષ પહેલાં ભણતર છોડે તો સહાય બંધ

સમાજ સુરક્ષા વિભાગના જણાવ્યા અનુસાર પાલક માતા-પિતા યોજના હેઠળ ૦ થી ૧૮ વર્ષ સુધીના બાળકને તેના ઉછેર માટે પાલક માતા-પિતાને દર મહિને રૂા.૩૦૦૦ સહાય ચૂકવાય છે પરંતુ જો બાળક ૧૮ વર્ષ પહેલાં ભણતર છોડી દે તો તેની સરકારી સહાય બંધ કરવામાં આવે છે. બંન્ને જિલ્લામાં હાલ કુલ-૧૩૨૮ બાળકો પાલક માતા-પિતાના સહારે ઉછરી રહ્યાં છે.

---

**અરવલ્લી એલસીબી બુટલેગર દંપતીના ઘરે ત્રાટકી**

## બેલ્યો ગામે ઘરમાંથી ૭ હજારથી વધુના વિદેશી દારૂ સાથે મહિલા બુટલેગરને દબોચી

અરવલ્લી એલસીબી પોલીસ દારૂકાંડ પછી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે એલસીબી શાખાનું વિસર્જન કર્યા બાદ ફરીથી નવસર્જન કર્યું છે જીલ્લા એલસીબી પોલીસે મેઘરજના બેલ્યો ગામે દંપતી ઘરમાં જ વિદેશી દારૂનો વેપલો કરતુ હોવાની બાતમી મળતા એલસીબી પોલીસે મેઘરજ પોલીસને ઉંઘતી રાખી બેલ્યો ગામે બુટલેગર દંપતીના ઘરે ત્રાટકી ઘરમાંથી વિદેશી દારૂના ૧૧૫ ક્વાંટરીયા ઝડપી પાડી શારદા લાલા ડામોર નામની મહિલાની ધરપકડ કરી લીધી હતી જયારે મહિલા બુટલેગરનો પતિ પોલીસને થાપ આપી નાસી છૂટતા ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. અરવલ્લી એલસીબી પીઆઈ સી.પી વાઘેલા અને તેમની ટીમે મેઘરજ તાલુકામાં પેટ્રોલીંગ હાથધર્યું હતું ત્યારે બેલ્યો ગામે એક દંપતિ ઘરમાં જ વિદેશી દારૂનુ વેચાણ કરતુ હોવાની બાતમી મળતા એલસીબી પોલીસ બાતમી આધારીત ઘરે પહોંચી ઘરની તલાસી લેતા ઘરમાંથી વિદેશી દારૂના ક્વાંટરીયા નંગ-૧૧૫ કીં.રૂ.૭૪૦૦/-ના જથ્થા સાથે શારદા લાલા ડામોરને ઝડપી પાડી હતી.



### ખેડબ્રહ્મા તાલુકામાં કોરોના રશિકરણ

રવિવારે રસીકરણના કાર્યક્મ અંતર્ગત ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા , દામાવાસ, કલોલ જેવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા સબ સેન્ટર ઉપર ભારતીય જનતા પાર્ટીના પૂર્વ મહામંત્રી અશોકભાઈ જોશી ઉપસ્થિત રહી વધુમાં વધુ રસીકરણ યોજાય તે માટે નાગરિકોને જાગૃત કર્યા હતા.